રાજ્ય સ્તરની મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ (MACT) કેસોની ચકાસણી માટે સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ (SIT) ની રચનામાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંક: મવઅ/૧૦૨૦૧૬/કોર્ટ-૩૧(પા.ફા.-૧)/વ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ.

<u>વંચાણે લીધા:</u>

(૧) અધિક પોલીસ મહાનિદેશકશ્રીની કચેરી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગાંધીનગરનો તા.૨૭/૦૮/૨૦૨૪ પત્ર ક્રમાંક: સીઆઇડી/પીઆરસી(ટેબલ-૧)/MACT/૫૪૪/૨૦૨૪.

(૨) ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૪/૦૫/૨૦૧૯ નો ઠરાવ.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રીની કચેરી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગાંધીનગરનો તા.૦૩/૧૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:સીઆઇડી/પીઆરસી(ટેબલ-૧)/MACT/૫૪૪/૨૦૨૪..

ઠરાવ:-

વંચાણમાં લીધેલ ક્રમાંક (૧)થી નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ ક્રિમીનલ મિસ.એપ્લીકેશન નં-૧/૨૦૧૭ ઇન રી/સ્પેશ્યલ એપ્લીકેશન નં-૪૩૬૩/૧૬ માં તા.૨૫/૦૪/૨૦૧૮ ના કામે આપેલ આદેશ અન્વયે રાજ્ય સ્તરની મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ(MACT) કેસોની ચકાસણી અર્થે વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) થી રચના કરવામાં આવેલ સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ (SIT) ના માળખામાં ફેરફાર કરવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વંચાણમાં લીધેલ ક્રમાંક (૩) થી મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ (MACT) કેસો અંગે સ્પેશીયલ ઇન્વેસ્ટીગેશન ટીમ (SIT)ના હાલમાં કાર્યરત જુના માળખાને બદલે નીચે મુજબના નવા માળખાની રચના કરવા વંચાણે લીધેલ ક્રમાંક (૨)માં દર્શાવેલ ઠરાવના પારા-(૨) માં દર્શાવેલ માળખામાં બદલાવ કરી વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના ઠરાવની અન્ય શરતો યથાવત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ (SIT)નું માળખું નીચે મુજબ રહેશે.

(૧) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ક્રાઇમ-૧) , સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગર (અધ્યક્ષ)

(૨) પોલીસ અધિક્ષક, સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગર (નિરીક્ષક)

| પોલીસ કમિશનરશ્રી (તમામ શહેર ) | | પોલીસ મહાનિરીક્ષકશ્રી (તમામ રેન્જ ) |
|---|---|---|
| પોલીસ ઇન્સપેક્ટર -૦૧ | | પોલીસ ઇન્સપેક્ટર -૦૧ |
| પોલીસ સબ ઇન્સપેક્ટર -૦૧ | | પોલીસ સબ ઇન્સપેક્ટર -૦૧ |
| આસી.પોલીસ સબ ઇન્સપેક્ટર -૦૧ | | આસી.પોલીસ સબ ઇન્સપેક્ટર -૦૧ |
| હેડ કોન્સટેબલ -૦૨ | | હેડ કોન્સટેબલ -૦૨ |
| કોન્સટેબલ -૦૨ | | કોન્સટેબલ -૦૨ |

૩. સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ (SIT) ની કામગીરી નીચે મુજબ રહેશે.

File No: HD/MCR/e-file/8/2023/4365/V (Police MedalandModernizatic
Approved By: Principal Secretary,HD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**(૧)અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ક્રાઇમ-૧) , સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગર (અધ્યક્ષ)**

જે-તે શહેર/રેન્જના વડાશ્રીઓ દ્વારા મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ(MACT) કેસોની અરજીઓ અંગે થયેલ તપાસનો વચગાળાનો/આખર અહેવાલ સી.આઇ.ડી ક્રાઇમની કચેરી, ગુ.રા, ગાંધીનગર ખાતે પાઠવવામાં આવેથી અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ક્રાઇમ-૧) , સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગરે અરજી અંગે આખર નિર્ણય લેવાનો રહેશે.

**(૨)પોલીસ અધિક્ષક, સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગર**

(૧) MACT કેસોને સંબંધિત અરજીઓ સ્વીકારવાની તથા તેની તપાસ જે-તે શહેર/રેન્જના વડાશ્રીઓને સોંપવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૨) જે-તે શહેર/રેન્જના વડાશ્રીઓ દ્વારા MACT અરજીઓ અંગે થયેલ તપાસનો વચગાળાનો/આખર અહેવાલ મળેથી આખર નિર્ણય સારૂ નોંધ સહિત ફાઇલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ક્રાઇમ-૧) , સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગર સમક્ષ નિર્ણય અર્થે રજૂ કરવાની કામગીરી કરવાની રહેશે.

**(3) પોલીસ કમિશનરશ્રી (તમામ શહેર)/પોલીસ મહાનિરીક્ષકશ્રી (તમામ રેન્જ)**

(૧) શહેર/રેન્જના વડાશ્રીઓએ MACT કેસોની અરજી તપાસ સારૂ પોતાના કાર્ય વિસ્તારના PI-૧, PSI-૧, ASI-૧-HC-૨-PC-૨ ની શહેર/રેન્જ વાઇઝ હોદ્દાજોગ તપાસ ટીમ બનાવવાની રહેશે. (એક જ જગ્યાએ કાર્યરત હોય તેવા અધિકારી/કર્મચારીઓ)

(૨) સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગર દ્વારા તપાસ અર્થે સોપવામાં આવેલ MACT અરજી તપાસો સ્વીકારી, તાબા હેઠળની ટીમને તપાસ અર્થે સોપવાની રહેશે.

(3) જે-તે શહેર/રેન્જના વડાશ્રીઓ દ્વારા તેમની બનાવેલ તપાસ ટીમો ઉપર સતત મોનીટરીગ/સુપરવિઝન રાખવાનું રહેશે તેમજ ટીમો દ્વારા થયેલ તપાસનો અહેવાલ અભિપ્રાય સહ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ક્રાઇમ-૧), સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગરને સ્ક્રુટીની/આખર નિર્ણય સારૂ મોકલી આપવાનો રહેશે.

(૪) સંભવિત MACT કેસોની અરજી અંતર્ગત ગુનો દાખલ કરવાનો થાય તો તે ગુનાની તપાસ શહેર/રેન્જના વડા દ્વારા સ્થાનિક પો.સ્ટે. સિવાયના અન્ય પો.સ્ટે./શાખાના અધિકારીશ્રીને સોપવા અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

**(૪) PI-PSI-ASI-HC-PC**

(૧) પો.કમિ.શ્રી/પો.મહા.શ્રી દ્વારા સોપવામાં આવેલ MACT અરજી તપાસો સંભાળી SOP મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

( ૨) MACT અરજી અંગે થયેલ તપાસનો વચગાળાનો/આખર અહેવાલ પો.કમિ.શ્રી/ પો.મહા.શ્રીના અભિપ્રાય સહ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ક્રાઇમ-૧) , સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગરને સ્ક્રુટીની/આખર નિર્ણય સારૂ મોકલી આપવાનો રહેશે.

(3) સંભવિત MACT અરજી અંતર્ગત ગુનો દાખલ કરવાનો થાય તો તે અરજીના કામે થયેલ તપાસના તમામ કાગળો જે-તે પો.સ્ટે મોકલી આપવાના રહેશે.

(૪) સંભવિત MACT અરજી પોલીસ મહાનિદેશકશ્રી, (ક્રાઇમ-૧), સી.આઇ.ડી ક્રાઇમ, ગુ.રા, ગાંધીનગર દ્વારા દફતરે કરવમાં આવેથી જે-તે અરજદારોને પ્રત્યુત્તર પાઠવવાનો રહેશે.

(૫) અરજી સંબંધિત તમામ રજીસ્ટરો નિભાવવાના રહેશે.

૪. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૭/૦૧/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનિતા ઝુલા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. રા.ક.મંત્રીશ્રી, (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી અને અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) રજીસ્ટ્રારશ્રી, સર્વે જીલ્લા સેશન્સ કોર્ટ, ગુજરાત રાજ્ય.

(૮) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વેઝ), ગુ.રા., ગાંધીનગર.

(૯) સર્વે કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ, ગુજરાત રાજ્ય.

(૧૦) સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.

(૧૧) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (એ.ટી.એસ.), ગુ.રા., અમદાવાદ.

(૧૨) સર્વે રેન્જ વડાશ્રીઓ, ગુજરાત રાજ્ય.

(૧૩) સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ (પશ્ચિમ રેલ્વે વડોદરા/અમદાવાદ/એ.ટી.એસ. સહિત).

(૧૪) ICICI Lombard General Insurance Company Limited, ICICI Lombard House, ૪૧૪, વીર સાવરકર માર્ગ, સિધ્ધિ વિનાયક મંદિરની બાજુમાં, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫.

(૧૫) અધિક્ષકશ્રી, સિવિલ હોસ્પિટલ, તમામ શહેર/જીલ્લા સિવિલ હોસ્પિટલ, ગુજરાત રાજ્ય.

(૧૬) સરકારી વકીલશ્રી, સરકારી વકીલશ્રીની કચેરી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.

(૧૭) સેકશન અધિકારીશ્રી, આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ગૃહ વિભાગની વેબસાઈટ ઉપર આ ઠરાવ મૂકવાની વિનંતી સાથે.

(૧૮) સિલેક્ટ ફાઈલ. (શાખા)